RNI NO. GUJGUJ/2015/64872

# ધી ઓપન પેજ

SINCE - 1968

વિદ્યાર્થીઓનુ પોતાનું શૈક્ષણિક સામયિક

Vol.No-3, Issue No-4 TOTAL PAGE-4 Ahmedabad, Sunday 05/11/2017

# આવતી કાલનું સ્મિત – બાળક

**૧૪મી નવેમ્બર બાળદિન છે. પંડિત જવાહરલાલ નહેરૂ ને બાળકો ખૂબજ વ્હાલા હતાં. જવાહરલાલા નહેરૂ નો જન્મદિવસ એટલે 'બાળદિન' !**

આજનું બાળક એ આવતીકાલનું સ્મિત છે. આજ નું બાળક જો તંદુરસ્ત બને તો આવતી કાલનું રાષ્ટ્ર તંદુરસ્ત બને. તંદુરસ્ત બાળક એટલે હસતું રમતું કિલ્લોલ કરતું બાળક !

***બાળકનાં ઘડતરમાં કુટુંબ અને શાળા મહત્વનો ભાગ ભજવે છે.***
***કુટુંબ એટલે બાળ વિકાસનું પારણું***
***શાળા એટલે બાળ વિકાસનું બારણું***

કુટુંબમાં બાળકની 'ઈમોશનલ કેર' લેવાય તે ખૂબજ જરૂરી છે. આજે બાળકને 'શૈશવની દુનિયા' માણવા મળતી નથી ! બાળ ઉછેરમાં પણ અનુભવનું ભાથું જોઈએ. દિન પ્રતિદિન કુટુંબો વિભક્ત થવા લાગ્યાં. બાળકોને દાદા-દાદીનું સાનિધ્ય, તેમનો પ્રેમ, તેમનો બાળ ઉછેરનો અનુભવ મળતાં બંધ થયાં.

**વિજ્ઞાન કહે છે...**

જે બાળકોને નાનપણમાં ખૂબ પ્રેમ મળ્યો હોય છે. તેઓ જીવનમાં ઘણું કાઠું કાઢતાં હોય છે, એટલુ જ નહીં. નિષ્ફળતાનાં સમયે પણ તેમનામાં ટકી રહેવાની શક્તિ અન્યોની સરખામણીમાં વધારે હોય છે. જે માતાઓએ તેમના બાળકોનો સારી રીતે ઉછેર કર્યો હોય છે. તેમનું મગજ ઝડપથી શીખી લે છે. આવાં બાળકોમાં તણાવનું પ્રમાણ પણ ઓછું હોય છે અને માનસિક આઘાત, તણાવમાંથી પણ તેઓ સારી રીતે બહાર આવી શકે છે.

***આપણે પણ ગજબનાં છીએ***
***નર્સરીમાંથી છોડ ઘરે લાવીએ છીએ,***
***અને***
***ઘરનાં છોડને નર્સરીમાં મૂકી આવીએ છીએ.***

પ્રત્યેક માતા-પિતા પોતાનાં બાળકને કંઈક બનાવવા માંગે છે. પોતાનાં અધૂરા અરમાનો પોતાના સંતાન મારફત સાકાર કરવાં ઝંખે છે! જ્યારે હું નાનો હતો ત્યારે એક સવાલ મને વારંવાર પૂછવામાં આવતો – બેટા, મોટા થઈને તારે શું બનવું છે ? એ સમયે મારી પાસે જવાબ ન હતો. આ પ્રશ્નનો જવાબ છેક હવે મને મળ્યો છે. – ફરીથી બાળક !

***બાળ ઉછેરમાં ન ચાલે દેર કે અંધેર***
***રાખીએ તેની ખૂબજ સંભાળ, ચાલો આપણે ઘેર.***

**પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજ કહે છે –**

'સંપત્તિ અને સંતતિ સાચવવી હોય તો બાળકોને સંસ્કાર આપો'. બાળકોમાં ગજબની અનુકરણ શક્તિ હોય છે. ઘર હોય કે શાળા તેઓ જે સાંભળે છે. તેનાં કરતાં જે જુએ છે તેને અનુસરે છે. એટલે કે આપણે જે કહીએ છીએ તે કદાચ કરે પણ ખરા અને ના પણ કરે પરંતુ આપણે જે કરીએ તેવું જ આચરણ તે કરવા પ્રેરાય છે.



**રોહિત શાહ લખે છે** – કેટલાક લોકો ખુદ પણ ટેન્શનમાં રહે છે અને બીજાઓને પણ ટેન્શનમાં રાખે છે. એ લોકો માત્ર ઓફિસમાં જ નહીં ઘરમાંય સૌને ડિસિપ્લિનનો ઓવર ડોઝ આપતાં રહે છે.

બાળકોનાં વર્તનમાં પરિવર્તન લાવવાનો એક જ રામબાણ ઈલાજ છે – જે વ્યવહારની અપેક્ષા આપણે બાળકો પાસેથી રાખીએ છીએ એવો જ વ્યવહાર આપણે દાખવીએ. સ્વચ્છતા, વ્યસનમુક્તિ, નિષ્ઠા, સેવા, સહકાર, અહિંસા જેવાં મૂલ્યોનાં પાઠ માત્રને માત્ર આચરણથી જ શીખવી શકાય છે ! બાળકો વ્યાકરણ પણ શીખે સાથે સાથે આચરણ પણ શીખે.

જીવનને તંદુરસ્ત બનાવવાની માસ્ટર કી છે – જ્યાં હોય ત્યાં અને જ્યાં જાઓ ત્યાં પ્રેમનો પ્રસાર કરો... તમારા સંતાનોને, તમારા વિદ્યાર્થીઓને, તમારા જીવનસાથીને, તમારા સહકર્મીઓને પ્રેમ આપો... તમને મળ્યાં પછી વ્યક્તિ વધારે આનંદિત, વધારે સભર થવી જોઈએ. ઈશ્વરની ભલમનસાઈ અને માયાળુપણાના જીવંત વાહક બનો. તમારા ચહેરા પર, આંખોમાં, સ્મિતમાં અને અભિવાદનમાં ઉષ્મા અને માયાળુપણું પ્રગટ કરો.

**પ્રખ્યાત ચિંતક થોરો લખે છે** - It is not enough to be busy, The question is – what are we busy about ?

આજે સૌની એકજ સાર્વજનિક સમસ્યા છે – 'સમય નથી' સંપત્તિ કમાવવાની લાયમાં સંતતિ સાચવવાનું ભૂલાઈ જાય છે ! જે માં-બાપને બાળકો માટે સમય નથી તે માં-બાપને વૃદ્ધાશ્રમમાં જવાની તૈયારી રાખવી જ રહી ! પૈસાલક્ષી જીવન અને પરીક્ષાલક્ષી શિક્ષણ બાળકોનાં ઘડતરમાં સૌથી વધુ બાધક છે. બાળકને 'smart' બનાવવું હોય તો તેનામાં રહેલી 'art' ખીલે તે ખૂબજ જરૂરી છે. બાળકોની ખામીઓ શોધવા કરતાં તેમનામાં રહેલી ખૂબીઓને બિરદાવીએ 'Yes, you can do it' કહીને તેમનાંમાં આત્મવિશ્વાસ જગાવીએ. કોઈની ટીકા કરવાં કરતાં કોઈને ટેકો આપવો વધારે મહત્વનું છે. ભલો માણસ જ બીજાની ભૂલોને માફ કરે છે !

Children need models rather than critics

આપણું 'ચાઈલ્ડ' 'વાઈલ્ડ' ન બને તે જોવાની જવાબદારી માતા-પિતા અને ગુરૂજીઓની છે. 'ચાઈલ્ડ' શબ્દમાં રહેલા બાળકના ગુણો જાણવા જેવા છે.


| | | |
|---|---|---|
| C | Cheerful | (ઉત્સાહી) |
| H | Honest | (પ્રામાણિક) |
| I | Intelligent | (બુદ્ધિશાળી) |
| L | Loving | (પ્રેમાળ) |
| D | Dear | (વહાલું) |

***એક કવિ સુંદર વાત કહે છે. વેર ઝેરની વાતો ભુલાવી દે***
***ક્રોધની આગ બુઝાવી દે, હવે પ્રેમનો રસ્તો બતાવી દે***
***કાંઈ જ ન કરી શકતો હોય તો, હે પ્રભુ ! ફરીથી બાળક બનાવી દે.***



**કમલેશ શુકલ**
**આચાર્ય, ઈડર**

# રાષ્ટ્રીય પત્રકારત્વ દિવસ



આ દિવસ દર વર્ષે ૧૭ નવેમ્બરનાં રોજ ઉજવવામાં આવે છે. ૧૯૨૦નાં દશકા દરમ્યાન લેખક વોલ્ટર લિપ્પમેન અને અમેરિકન ફિલસૂફ જોન ડેવી, સમાજની લોકશાહીમાં પત્રકારત્વની ભૂમિકા અંગેનાં તેમનાં મંતવ્યોનું વિનિમય કર્યું. આ તે સમય હતો જ્યારે આધુનિક પત્રકારત્વ હજી દ્રશ્યમાં આવી રહ્યું હતું.

જાહેર અને નિતી નિર્માતાઓ વચ્ચે પત્રકારત્વ મધ્યસ્થીની ભૂમિકા ભજવે છે. પત્રકારો દ્વારા આ ભૂમિકા ભજવવામાં આવી હતી. રાજકારણમાં રહેલી વ્યક્તિઓ દ્વારા બોલાતા શ્રેષ્ઠ સંદેશને સાંભળવા અને રેકોર્ડ કરવા માટે ઉપયોગ થતો હતો. આ સંદેશ પર પ્રક્રિયા કરવામાં આવી હતી. અને તે જનતાને તેમની માહિતી પહોંચાડવામાં આવતી હતી.

**પત્રકારત્વ વિષે કેટલીક મહત્વની હકિકતો :**

૧. હિમાયતી પત્રકારોની નિરંકુશતાને નકારવા માટેનો વલણ હોય છે. અને તે જ સમયે અન્ય સામાન્ય ધોરણો અને નિતિઓ પણ જળવાવવી જોઇએ.
૨. યુનાઈટેડ સ્ટેટ્સમાં ફેડરલ કોર્ટમાં સ્ત્રોતોનું રક્ષણ કરવાનો કોઇ અધિકાર નથી. રાજ્ય અદાલતો દ્વારા તેને રક્ષણ આપવામાં આવે છે.
૩. લેખિતમાં વિવિધ પત્રકારત્વ શૈલીઓનો ઉલ્લેખ કર્યો છે. પત્રકારો દ્વારા લખાયેલા ઈવેન્ટ્સનાં એકાઉન્ટ્સ અખબારો અને સામાયિકોમાં ઘણીવાર સુવિધાઓ સામેલ હોય છે.
૪. પત્રકારત્વ આક્રમક વ્યૂહમાં ઓચિંતો છાપો મારવો, તેનો સમાવેશ થાય છે. જે લોકો સામાન્ય રીતે પત્રકાર સાથે વાત કરવા નથી માંગતાં, પત્રકારો દ્વારા પછી અચાનક એન્કાઉન્ટર અને પ્રશ્નો પૂછવામાં આવે છે.
૫. હસ્તપ્રતો સમાચારની તુલનામાં ફિચર લેખો વધુ લાંબા સ્વરૂપનાં હોય છે. આ પ્રકારનાં લેખોમાંની રજૂઆત કરવા માટે ફોટોગ્રાફ્સ અને ડાયગ્રામેટિકનો તેમાં સમાવેશ કરવામાં આવે છે. ટાઈપોગ્રાફિક પેટર્નથી સંબંધિત અન્ય વિશેષ અસરો પણ આપવામાં આવે છે.

અત્યારનાં સમયનાં નામચીન પત્રકારોમાં આમનો સમાવેશ થાય છે.



**જ્યોતિ પરમાર**
**'ધી ઓપન પેજ'**

## અરનબ ગોસ્વામી

**આખુ નામઃ** અરનબ રંજન ગોસ્વામી
**જન્મઃ** ૯ ઓક્ટોબર ૧૯૭૩



એક ભારતીય પત્રકાર અને ટેલિવિઝન સમાચાર એન્કર છે. તેઓ ન્યૂઝ ચેનલ રિપબ્લિક ટીવીનાં મેનેજીંગ ડિરેક્ટર છે, કે જે રાજીવ ચંદ્રશેખર સાથે જોડાયા હતાં.

## રાજદીપ સર દેસાઇ

**આખુ નામઃ** રાજદિપ દિલીપસર દેસાઇ **જન્મઃ** ૨૪ મે ૧૯૬૫



એક ભારતીય સમાચાર એન્કર અને લેખક છે. સર દેસાઇ અત્યારે ઇંડિયા ટુડે ગ્રૃપમાં કન્સલ્ટિંગ એડિટર છે. અને ઇંડિયા ટુડે ટેલિવિઝનમાં યજમાન છે. તેઓ ગ્લોબલ બ્રોડકાસ્ટ ન્યૂઝનાં મુખ્ય સંપાદક હતાં. જેમાં સીએનએન – આઇબીએન, આઇબીએન ૭ અને આઇબીએન - લોકમતનો સમાવેશ થાય છે. તેમણે જુલાઇ ૨૦૧૪માં રાજીનામું આપ્યું હતું.

## રવિશકુમાર


**જન્મઃ** ૫ ડિસેમ્બર ૧૯૭૪
**એક ભારતીય ટીવી એન્કર છે.**



લેખક અને પત્રકાર જે ભારતીય રાજકારણ અને સમાજને લગતા વિષયોને આવરી લે છે. તે એનડીટીવી ઇન્ડિયાનાં વરિષ્ઠ એક્ઝિક્યુટીવ એડિટર છે, એનડીટીવી ન્યૂઝ નેટવર્કની હિન્દી ન્યૂઝ ચેનલ અને ચેનલનાં ફ્લેગશિપ અઠવાડિક શો પ્રાઇમ ટાઇમ, હમ લોગ અને રવિશ કી રિપોર્ટ સહિત અનેક કાર્યક્રમો યોજાય છે.

## બરખા દત્ત

**જન્મઃ** ૧૮ ડિસેમ્બર ૧૯૭૧
**એક ભારતીય ટેલિવિઝન પત્રકાર છે.**



૧૯૯૯માં ભારત અને પાકિસ્તાન વચ્ચે કારગીલ વિરોધાભાસ પર તેના ફ્રન્ટલાઇન યુદ્ધની રિપોટિંગ પછી દત્ત અગ્રણી વ્યક્તિ તરીકે ઉભરી આવ્યાં હતાં, દત્તે ભારતનાં ચોથા સૌથી વધુ નાગરિક સન્માન પદ્મશ્રી સહીત ઘણાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પુરસ્કારો જીત્યાં છે.

## રજત શર્મા

**જન્મઃ** ૧૮ ફેબ્રુઆરી ૧૯૫૭
**તે ભારતનાં સૌથી જાણીતા પત્રકારોમાંનાં એક છે.**



ભારતીય હિન્દી ન્યૂઝ ચેનલનાં ચેરમેન અને સંપાદક છે. શર્મા વર્તમાનમાં ઇન્ડિયા ટીવીનાં ચેરમેન અને એડિટર-ઇન-ચીફ છે. સાથે સાથે 'આપકી અદાલત' અને 'આજકી બાત' ન્યૂઝ બુલેટિન ના યજમાન છે.



## રાહુલ કંવલ

**જન્મઃ** ૧૪ સપ્ટેમ્બર ૧૯૮૦
**સમાચાર / વર્તમાન બાબતો શો માટે શ્રેષ્ઠ એન્કર માટે આઇટીએ એવોર્ડ મળેલ છે.**



# આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી દિવસ



કોઈપણ રાષ્ટ્રનાં નિર્માણમાં વિદ્યાર્થીઓનું ખૂબ મોટું યોગદાન રહેલું હોય છે. વિશ્વનાં કોઇપણ દેશમાં જ્યારે-જ્યારે ક્રાંતિ થઇ છે. ત્યારે-ત્યારે વિદ્યાર્થીઓએ સક્રિય ભૂમિકા ભજવી છે.

ભારત દેશમાં આઝાદીની ચળવળ ચાલી રહી હતી ત્યારે હજારો વિદ્યાર્થીઓ આ ચળવળમાં જોડાયા હતાં. વિશ્વભરમાં અનેક પ્રકારનાં આંતરરાષ્ટ્રીય દિવસ ઉજવવામાં આવે છે. તેમ ૧૭મી નવેમ્બરને 'આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. તેની પાછળ ઐતિહાસિક ઘટના કારણભૂત છે.

ઈ.સ. ૧૯૩૯ની ૨૮મી ઓકટોબરનાં રોજ ચેકોસ્લોવાક રિપબ્લિક ૧૯૧૮ની સ્વતંત્રતાની વર્ષગાંઠની ઉજવણી માટે એક પ્રદર્શન યોજાયું. આ પ્રદર્શન ચાર્લ્સ યુનિવર્સિટીનાં મેડિકલ ફેકલ્ટીનાં વિદ્યાર્થીઓ દ્વારા પ્રાંગમાં યોજાયું હતું. આ પ્રદર્શન દબાવી દેવા નાઝી સત્તાવાળાઓએ ગોળીબાર કર્યો. જેમાં જેન ઓપ્ટલ ગંભીર રીતે ઘાયલ થયો હતો. જેનું ૧૧મી નવેમ્બરનાં રોજ અવસાન થયું. જેન ઓપ્ટલને ૧૫મી નવેમ્બરે પોતાનાં ઘરે લઇ જવામાં આવ્યો. તેમની અંતિમયાત્રામાં હજારો વિદ્યાર્થીઓ જોડાયાં. આ અંતિમયાત્રા નાઝી વિરોધી પ્રદર્શનમાં ફેરવાઇ ગઇ. પરિણામે નાઝીઓએ કડક પગલાં લીધાં. ૧૨૦૦ કરતાં વધુ વિદ્યાર્થીઓની ધરપકડ કરી એકાગ્રતા શિબિરમાં મોકલી દીધાં.

નાઝી વિરોધી પ્રદર્શન બદલ જોસેફ માટુસેક (ઇતિહાસકાર અને આસિસ્ટન્ટ પ્રોફેસર), જરો સ્લેવ કિસમા (કાયદાનો વિદ્યાર્થી), જાન સર્ની (તબીબ વિદ્યાર્થી), જહોનર્ટ (બોહેમિસ્ટિક્સ અને જર્મનિસ્ટનો વિદ્યાર્થી), જોસેફ એડમેક (કાયદાનો વિદ્યાર્થી), મરેક ફઉવર્શ (અર્થશાસ્ત્રનો વિદ્યાર્થી), બેડરીક ફુલા (કાયદાનો વિદ્યાર્થી), વેકલેવ સાક્રનેક ( આર્કિટેકચરનો વિદ્યાર્થી) ફ્રાનિક્સ સ્કોવૌસ્કી (કાયદાનો વિદ્યાર્થી) આ નવ વિદ્યાર્થીઓ અને પ્રોફેસરોને કોર્ટ કાર્યવાહી કર્યા વિના ૧૭મી નવેમ્બરનાં રોજ ફાંસી આપવામાં આવી.

વિદ્યાર્થીઓ ઉપર આવી રીતે ગુજરાવામાં આવેલ અત્યાચાર બદલ ૧૭મી નવેમ્બરને 'આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. ૧૭મી નવેમ્બર ૧૯૪૧માં લંડનમાં સૌ પ્રથમ વખત આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી કાઉન્સિલ દ્વારા આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આમ 'આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી દિવસ' ની ઉજવણી પાછળ દર્દનાક ઘટના જવાબદાર છે.

દરેક દેશનો વિદ્યાર્થી તેમના રાષ્ટ્રનો ભાગ્ય વિધાતા છે. આજનાં વિશ્વભરનાં વિદ્યાર્થીઓ આવતી કાલનાં વિશ્વનાં આધાર સ્તંભ છે. આજે વિશ્વભરનાં વિદ્યાર્થીઓને સંપ, ભાઇચારો, પ્રેમ અને સહકારનું શિક્ષણ મળશે તો વિશ્વ જીવવા લાયક બનશે. આજનાં વિદ્યાર્થીઓને અન્યાય, દ્વેષ, વેરભાવનું શિક્ષણ મળશે તો ભાવિ યુદ્ધનું બીજારોપણ થશે. આપણે માનવ જાતને શાંતિ, સલામતી અને સુરક્ષાની ભેટ આપવી હોય તો તેનો પ્રારંભ વિદ્યાર્થીઓથી કરવો જોઇશે.

દિન-પ્રતિદિન વિદ્યાર્થીઓ સુરક્ષા અને સલામતીમાં વધારો થાય, વિદ્યાર્થીઓને પૂરતા હકો મળી શકે તેવું વિશ્વભરમાં વાતાવરણ સર્જાય તેવી 'આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી દિવસ' પ્રસંગે શુભકામનાઓ.



**રાજેશ ધામેલિયા**
**શિક્ષક, સુરત**

**વૈધાનિક સુચનાઃ ધી ઓપન પેજ, મંથલી ન્યુઝ પેપરમાં પ્રકાશિત સામગ્રીમાં લેખકોના પોતાના વિચાર છે. સંપાદક તથા પ્રકાશક એ સાથે સહમત હોય તે જરૂરી નથી.**
**ધી ઓપન પેજની સમાચાર સંબંધિત બધા જ વાદ – વિવાદ પ્રકાશન તારીખથી ૩ (ત્રણ) માસની અંદર માત્ર અમદાવાદ ન્યાયક્ષેત્રમાં થઇ શકશે.**

# સોશિયલ મીડિયા જરા સંભાલ કે...

આજકાલ 'સોશિયલ મીડિયા' શબ્દ લોકોનાં જીવનમાં માહિતી અને વાતચીતનો પર્યાય બની ચૂક્યો છે. સોશિયલ મીડિયાએ ઇન્ટરનેટ પરની વેબસાઇટ કે એપ્લિકેશન છે. જ્યાં લોકો વાતચીત, માહિતીની આપ-લે લખાણ, ચિત્ર, ઓડિયો કે વિડિયો પ્રકારનાં માધ્યમથી કરે છે. અહીં, દરેક ઉંમરની વ્યક્તિ એકબીજાની સાથે વિચાર, વિમર્શ અને વિચારોનું આદાન પ્રદાન કરે છે. સોશિયલ મીડિયા લોકોનાં જીવનમાં એવી રીતે વણાઇ ચૂક્યું છે કે, હવે લોકો પ્રસંગો અનુસાર આમંત્રણ પણ સોશિયલ મીડિયાનો ઉપયોગ કરીને આપી રહ્યાં છે!!! આજની યુવા પેઢી મોટાભાગનો સમય સોશિયલ મીડિયા આધારિત વેબસાઇટ્સ અને એપ્સ પર પસાર કરી રહી છ!!! જો કે સોશિયલ મીડિયાની શક્તિને લોકોએ જાણી લીધી છે, જેના કારણે તે આજનાં ડિજિટલ યુગમાં ૨૧મી સદીનું ધારદાર શસ્ત્ર પણ બની ચૂક્યું છે. વળી, આજનાં ટેકનોલોજીનાં યુગમાં સોશિયલ મીડિયાનાં પ્રભાવથી કોઇ અજાણ નથી. સોશિયલ મીડિયા પર પળેપળનાં સમાચારો શેર થવાનાં કારણે સમગ્ર વિશ્વ જાણે સોશિયલ મીડિયાની




મુઠ્ઠીમાં આવી ગયું હોય તેવું લાગે છે.

સોશિયલ મીડિયાનો યોગ્ય રીતે ઉપયોગ કરવાથી તેનો ફાયદો થઇ શકે છે, જ્યારે તેનો અવિચારી દુરપયોગ કરવાને કારણે થયેલા નુકસાનનાં આંકડા પણ દૈનિકપત્રોમાં રોજબરોજ ચમકતાં રહે છે. રસ્તામાં વાહન ચલાવતી વખતે મિત્ર સાથે સેલ્ફી લેવામાં કે મેસેજનાં નોટીફિકેશન ચેક કરવામાં થયેલી દુર્ઘટનાનાં કે મોતને વરેલા યુઝર્સની કમી નથી. યુઝર્સને વર્ચ્યુઅલ દુનિયામાં મળેલા મિત્રો, ફોલોઅર્સ કે ગૃપ મેમ્બર્સ વડે મળતી લાઇક કે કોમેન્ટને તેઓ પોતાની લોકપ્રિયતા માનીલે છે. અને જ્યારે હકીકતમાં જરૂર પડે ત્યારે તેમાંથી કોઇ વ્યક્તિ મદદ કે સહકાર ન આપે ત્યારે આવી વ્યક્તિ માનસિક તાણ કે તણાવનો ભોગ બને છે. સોશિયલ મીડિયા પર વાયરલ થતાં ફોટોગ્રાફસ અને વિડિયોનાં કારણે પણ નાના-મોટા ગુનાથી લઇને આંતકવાદ સુધીની અસરો ઉભી થઇ શકે છે. સોશિયલ મીડિયાનાં વધુ પડતા ઉપયોગથી વ્યક્તિને વર્ચ્યુઅલ દુનિયાનું વ્યસન થઇ જાય છે. ઘણાં યુઝર્સ પોતાની પોસ્ટને કેટલી લાઇક મળી કે ટ્વિટ મળી તે જોવાનો એક પ્રકારનો અંજપો અનુભવે છે. અને આ કારણે જ તેઓ વારંવાર ફેસબુક, ટ્વીટર કે વોટ્સએપનાં નોટિફિકેશન જોવાની ઇચ્છાને રોકી શકતો નથી.



**તેજસ ઠક્કર**
**IT EXPERT**
www.tejasthakkar.com

### યોગ્ય પાસવર્ડની પસંદગી કરો.

ઇન્ટરનેટનો ઉપયોગ કરવામાં યોગ્ય પાસવર્ડની પસંદગી કરવી એ સૌથી મહત્વની બાબત છે. તમારા સોશિયલ એકાઉન્ટનાં પાસવર્ડને ક્યારેય પણ નબળો ન રાખો. કોઇપણ ઓનલાઇન એકાઉન્ટ માટે યોગ્ય અને મજબૂત પાસવર્ડ રાખવો જરૂરી બને છે. પાસવર્ડ તરીકે ક્યારેય પણ તમારૂ નામ, જન્મ તારીખ, મોબાઇલ નંબર વગેરેનો ઉપયોગ ન કરવો. પાસવર્ડ બને ત્યાં સુધી આઠ કે તેથી વધુ અક્ષરોનો હોય તે ઇચ્છનીય છે. પાસવર્ડ તરીકે નંબર, સિમ્બોલ અને અક્ષરોનું મિશ્રણ આધારિત સેટ કરવો હિતાવહ છે.

### તમારી સંપૂર્ણ જન્મ તારીખ ન આપો.

સોશિયલ નેટવર્કિંગ વેબસાઇટમાં તમારી સંપૂર્ણ જન્મ તારીખ આપવી ક્યારેક મુસીબત નોંતરી શકે છે. ક્રેડિટ કાર્ડ અને ડેબિટ કાર્ડની માહિતી ચોરવા માટે તેમજ તેને એક્સેસ કરવા માટે સૌથી વધુ ઉપયોગી પરિબળ જન્મ તારીખ હોય છે. જો સંપૂર્ણ જન્મ તારીખ આપવામાં આવી હોય તો હેકર્સ તેનો દુરુપયોગ કરી શકે છે. આથી સંપૂર્ણ જન્મ તારીખ આપવાનું ટાળવું.

### અજાણી વ્યક્તિથી તમારો પ્રોફાઇલ સંતાડો.

તમારો પ્રોફાઇલ તમારા મિત્રો જ જોઇ શકે અને અન્ય અજાણી વ્યક્તિઓ તેને સર્ચ એન્જિનનો ઉપયોગ કરીને પણ મેળવી શકે તે પ્રમાણેનાં સેટિંગ્સ કરવા હિતાવહ છે. અજાણી વ્યક્તિઓ તમારો પ્રોફાઇલ ન જોઇ શકે તેવાં સેટીંગ્સ કરો. આ માટે પ્રોફાઇલ પેજનાં પ્રાઇવસી સેટીંગ્સમાં જઇને ફ્રેન્ડસનું ઓપ્શન સિલેક્ટ કરો. તેમાં 'પબ્લિક સર્ચ રીઝલ્ટ' ઓપશનનાં ચેકમાર્કને દૂર કરો, આથી અન્ય સર્ચ એન્જિન પરથી પણ તમારી પ્રોફાઇલ ઉપલબ્ધ બનશે નહીં.

### તમારા ફેમેલી મેમ્બર્સનાં નામને પ્રદર્શિત ન કરો.

સોશિયલ મીડિયામાં તમારા પ્રોફાઇલની માહિતીમાં તમારા ફેમેલી મેમ્બર્સ અને ખાસ કરીને તમારા બાળકોનાં નામને પ્રદર્શિત ન કરો. તેના પર અપલોડ કરેલ કોઇપણ પ્રકારનાં ફોટોગ્રાફમાં પણ તમારા ફેમેલી મેમ્બર્સ અને બાળકોનાં નામ અને તેને લગતા ટેંગ ન રાખો. વળી, જો તમારા અન્ય મિત્રોએ તમારા ફેમેલી મેમ્બર્સનાં નામનાં ફોટામાં ટેંગ આપ્યા હોય તો તેને દૂર કરવા જણાવો. આ પ્રકારની પ્રવૃત્તિ અજાણ્યા શખ્સો માટે તમારા ફેમેલી મેમ્બર્સ અને તમારા બાળકોનાં નામ, ઓળખ અને અન્ય વિગતો તમને તકલીફમાં મૂકવાનું કારણ બની શકે છે.

### અંગત બાબતોને પ્રદર્શિત ન કરો.

ઘણાં સોશિયલ મીડિયા યુઝર્સ પળેપળની માહિતી સોશિયલ મીડિયા પર અપડેટ કરતાં રહે છે. તમારી અંગત બાબતોને આ પ્રકારે જાહેર ન કરો તે જરૂરી છે. ઘણાં લોકોને એવી આદત હોય છે કે જ્યારે તેઓ વેકેશન મનાવવા કે અન્ય કામથી બહારગામ જતાં હોય ત્યારે સોશિયલ મીડિયા પર મેસેજ અપડેટ કરતાં હોય છે. કે તેઓ બહારગામ જાય છે...તેઓ ઉપલબ્ધ નથી... વગેરે.. વગેરે..આ પ્રકારની માહિતી તમારા ઘરે કોઇ નથી તેવું જણાવી તમારી આ પ્રકારની કામગીરીની તમારા મિત્રો ઉપરાંત ચોર પણ નજર રાખી રહ્યાં છે. તેવું બની શકે, જે તમારા વડે અપડેટ કરવામાં આવતી માહિતીનાં આધારે તમારા ઘરને પણ નિશાન બનાવી શકે છે.

### અંગત માહિતી માટે પ્રાઇવસી સેટીંગની ગોઠવણ કરો.

મોટાભાગનાં લોકો રોજબરોજની પ્રવૃત્તિઓની સાથે અંગત બાબતો અને પ્રસંગોની માહિતીઓ અને ફોટોગ્રાફ્સ મૂકતાં હોય છે. તેમાં દરેક માહિતીને મર્યાદિત લોકો જ જોઇ શકે અને તેનો ઉપયોગ કરી શકે તે પ્રમાણેના સેટિંગ્સ આપવા શક્ય છે. જેનો ઉપયોગ કરવો હિતાવહ છે. ફોટોગ્રાફ્સ, જન્મ તારીખ, ધર્મ સંબંધી દૃષ્ટિકોણ અને પરિવારની માહિતી જેવી અંગત માહિતી મર્યાદિત લોકો સાથે જ શેર કરો અને તે મુજબનાં સેટિંગ્સ કરો. જ્યારે તમારી અંગત બાબતો, ફોન નંબર, મોબાઇલ નંબર કે એડ્રેસ બને ત્યાં સુધી કોઇપણ એક્સેસ ન કરી શકે તે મુજબનું સેટીંગ કરવું હિતાવહ રહેશે.

### બાળકોને સોશિયલ મીડિયાથી દૂર રાખો.

વિવિધ સોશિયલ નેટવર્કિંગ સાઇટસનો ઉપયોગ કરવા માટે ૧૩ વર્ષની ઉંમર મર્યાદા છે. આમ છતાં આ ઉંમર ઇન્ટરનેટનાં ઉપયોગ માટે પરિપક્વ ન હોય તેવું બની શકે. આમ છતાં આજની પેઢીને કમ્પ્યુટર, ઇન્ટરનેટ અને સોશિયલ નેટવર્કિંગ સાઇટથી દૂર રાખી શકાય તેમ નથી. આથી આ માટેનો સૌથી સારો ઉપાય એ છે કે, જો તમારૂ બાળક સોશિયલ નેટવર્કિંગ સાઇટ્સનો ઉપયોગ કરે છે તો તેના મિત્ર બની જાઓ અને તેની દરેક બાબત પર નજર રાખો. વળી, તેનાં પ્રોફાઇલની કોન્ટેક્ટ ડિટેઇલમાં તમારૂ ઇ-મેઇલ એડ્રેસ આપો કે જેથી તેનાં નોટિફિકેશન અને અપડેટ્સ તમને ઇ-મેઇલ વડે મળતાં રહે. ઘણી વખત ટીનેજર્સ બાળકો સોશિયલ મીડિયા આધારિત વેબસાઇટ્સ પર માતા-પિતા ક્યાં સમયે ઘેર આવશે અને જશે તેવા મેસેજ પણ ફ્રેન્ડસ સાથે શેર કરતાં હોય છે, કે જે તમારા માટે નુકશાન કારક સાબિત થઇ શકે છે. જોકે આજકાલનાં ટાબરિયાં મોટાં કરતાં પણ વધુ સ્માર્ટ હોય છે, છતાં નેટ પર એ પોતાનાં પૂરા નામ, સરનામા તેમજ સંપર્કની વિગતો મૂકી દેતાં હોય છે. ઇન્ટરનેટ પર અજાણ્યા લોકો સાથે ચેટીંગ કરવાનું ગંભીર પરિણામ આવી શકે છે.

### ખોટી અને અયોગ્ય બાબતો મુકતાં પહેલાં વિચારજો !!!

ઘણાં લોકો સોશિયલ નેટવર્કિંગ સાઇટ પર આવનારા ભવિષ્યનો વિચાર કર્યા વિના અને તેનું પરિણામ શું આવશે તેનો પણ વિચાર કર્યા વિના પોતાની અંગત બાબતો જાહેરમાં મૂકી દે છે, તો કેટલાક મજાક ખાતર ખોટી, અયોગ્ય અને કોઇપણ બાબતને મોટી કરીને પણ મૂકતાં જોવા મળે છે. અહીં, ખાસ ધ્યાનમાં લેવું રહ્યું કે, હવે એ સમય આવી ગયો છે કે કોર્પોરેટ કંપની તમને નોકરીનાં ઇન્ટરવ્યૂ માટે બોલાવતાં પહેલાં તમારા સોશિયલ મીડિયા આધારિત પેજ પર તમારા વિશે પૂરતી માહિતી મેળવી લેવાનું પસંદ કરે છે. વળી, લગ્નનાં મૂરતિયાંઓની જન્મકુંડળીની સાથે કરમકુંડળી આવી સોશિયલ સાઇટ પર જોઇ તપાસી લેવામાં આવે એવું પણ બની શકે છે.

### સોશિયલ મીડિયાનાં બંધાણી ન બનશો.

કેટલાક લોકો સોશિયલ નેટવર્કિંગનાં બંધાણી હોય છે. લોકો એકજ ફ્લેટમાં, સોસાયટીમાં, ઓફિસમાં કામ કરતાં હોવા છતાં એકબીજા સાથે ફક્ત સોશિયલ સાઇટ્સ વડે જોડાયેલાં હોય છે. આ બધી બાબતો તમારા રોજીંદા કામમાં અડચણ બની શકે છે. જો વિદ્યાર્થી કક્ષાએ સોશિયલ નેટવર્કિંગ સાઇટ પર ટાઇમપાસ કરવાની લત લાગી ગઇ હોય તો અભ્યાસ પર તેની અવળી અસર થાય છે.

અંતે એટલું જ કહેવાનું કે – સોશિયલ મીડિયાનો ઉપયોગ ચોક્કસથી કરો, પરંતુ જરા સંભાલ કે...

આજ પ્રકારની ટેકનોલોજીને લગતી બાબતો સાથે ટેકનોલોજીની દુનિયા હેઠળ The Open Page ના માધ્યમથી ફરી મળીશું. નવા વિચાર અને નવા ટેકનોલોજીને લગતા મુદ્દા સાથે..

અને હા.. આપના અમૂલ્ય સૂચનો The Open Page ના માધ્યમ થકી મોકલતાં રહેશો.

# હરિવંશરાય બચ્ચન

ભારતનાં લોકપ્રિય કવિઓમાં સુરક્ષિત સ્થાન પામનારા વ્યક્તિવાદી ગીત અથવા હાલાવાદી કવિતાનાં અગ્રણી કવિ, સાહિત્ય, શિલ્પકાર, ફક્ત ૧૩ (તેર) વર્ષની ઉંમરે લેખન કાર્ય આરંભ કરનારા એવાં હરિવંશરાય શ્રીવાસ્તવ જેમણે પોતાની કાવ્યરૂપી મદિરાથી દરેકે-દરેક વાચક અને શ્રોતાઓને મદહોશ કરી દીધા. એ આજે આપણી વચ્ચે ભલે નથી પણ કાયમ આપણાં દિલ પર તેઓ રાજ કરશે. તેમને ક્યારેય વિસરી નહીં શકાય. તેઓ ખૂબજ સરળ, સૌમ્ય, સાત્વિક અને શુદ્ધ મનનાં માનવી હતાં. તેમણે પોતાના સુખ-દુઃખની દરેક ક્ષણોને કાવ્યોમાં ઉતારતાં લખે છે.

'क्यों कवि कहकर संसार मुझे अपनाए,
मैं दुनिया का हूँ, एक अजब दिवाना ।' – મધુશાલા
'मिट्टी का तन, मस्ती का मनं,
क्षण भर जीवन – मेरा परिचय'

આ કાવ્ય પંક્તિનાં પરિચાયક કવિ શ્રી હરિવંશરાય શ્રીવાસ્તવ ઉર્ફે 'બચ્ચન'નો જન્મ ૨૭ નવેમ્બર ૧૯૦૭નાં અલ્હાબાદ નજીક પ્રતાપગઢ જીલ્લાનાં એક નાનકડા ગામ બાબુપટ્ટીમાં થયો. 'બચ્ચન' તેમને ઘરમાં લાડથી, હુલામણે બોલાવતાં, આગળ જઇને ઉપનામ સમગ્ર વિશ્વમાં પ્રચલિત થયું. તેઓ પોતે મોટા સંતાન હતાં. તેમની પ્રાથમિક શિક્ષા જીલ્લા પરિષદ શાળામાં થઇ. અને પોતાનાં પરિવારની પરંપરાને આગળ ચલાવતાં તેઓ કાર્યસ્થ પાઠશાળામાં ઉર્દુ શીખવા માટે ગયાં. અને પછી અલ્હાબાદ વિદ્યાપીઠ અને બનારસ હિન્દુ વિદ્યાપીઠથી પોતાની શિક્ષા પૂર્ણ કરી. મહાત્મા ગાંધી સાથે સ્વતંત્રતા સંગ્રામમાં પણ જોડાયા. અને અલ્હાબાદ વિદ્યાલયથી તેમને ૪૨ સભ્યોનાં લિસ્ટમાં 'ભૂતકાળનો ગર્વભેર છાત્ર'નું સન્માન પણ મેળવ્યું.



પણ ત્યારે તેમને એમ થયું કે જે રસ્તા પર તેઓ ચાલી રહ્યાં છે. તે રસ્તો તેમનાં માટે નથી. એટલે પરત ફર્યા અને વિદ્યાપીઠ ગયાં અને ૧૯૪૧ થી ૧૯૫૨ સુધી અલ્હાબાદ વિદ્યાપીઠનાં અંગ્રેજી વિભાગમાં રહીને અંગ્રેજી શીખ્યાં. અને ૨ વર્ષ માટે સેંટ કેથરીન કોલેજ – કેમ્બ્રિજ જતાં રહ્યાં. ત્યાંજ કેમ્બ્રિજ વિદ્યાપીઠથી અંગ્રેજી સાહિત્યનાં પ્રખ્યાત કવિ WB.Yeats ની કવિતાઓ પર થિસીસ લખી અને શોધકાર્ય કર્યુ અને બીજા ભારતીય (જેણે કેમ્બ્રિજ યુનિવર્સિટીથી P.H.D. કર્યું) બન્યાં.

ભારત પરત આવીને વિદ્યાર્થીઓને ભણાવવાનું શરૂ કર્યું. અને અલ્હાબાદ All India Radi માં પણ સેવાઓ આપી. ૧૯૨૬માં ૧૯ વર્ષની ઉંમરમાં તેમનાં પ્રથમ લગ્ન ૧૪ વર્ષની શ્યામા સાથે થયા, જે ખૂબજ નાની વયે, એટલે કે ફક્ત ૨૪ વર્ષની ઉંમરે ટી.બી.ની બિમારીનાં કારણે ૧૯૩૬માં મૃત્યુ પામ્યાં પછી, ૧૯૪૧માં તેજી સુરી સાથે બીજા લગ્ન કર્યાં. જેમનાથી બે સંતાનો એટલે કે એ ફિલ્મ જગતનાં બાદશાહ, સુપરસ્ટાર શ્રી અમિતાભ બચ્ચન અને અજિતાભ બચ્ચન જે પ્રખ્યાત ઉદ્યોગપતિ છે.

૧૯૬૬માં રાજ્યસભા માટે તેમનું નામ જાહેર થયું અને તેના ત્રણ વર્ષ બાદ તેમને સાહિત્ય અકાદમીનાં એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યાં. યશ ભારતી એવોર્ડ 'दो चट्टाने' માટે ૧૯૬૮માં સાહિત્ય અકાદમી એવોર્ડ, સોવિયત લેંડ નહેરૂ એવોર્ડ, કે.કે. બિરલા ફાઉનેડેશન દ્વારા પ્રથમ સરસ્વતી સન્માન એવોર્ડ વિજેતા, અફો-એશિયન Writers દ્વારા લોટસ પ્રાઇઝ, અને હિન્દી ભાષામાં અભૂતપૂર્વ યોગદાન માટે 'પદ્મભૂષણ' થી નવાજવામાં આવ્યાં. તેમની છેલ્લી કવિતા નવેમ્બરમાં તેમણે લખી હતી. '૧ નવેમ્બર ૧૯૮૪' જે ઇન્દિરા ગાંધીજીની હત્યા પર આધારિત હતી. તેમણે સેક્સપિયરનાં મેકબેચ અને ઓથેલો અને ભગવત્ગીતાનાં હિન્દી ભાષામાં ભાષાંતર માટે હંમેશા હિન્દી સાહિત્ય જગતમાં યાદ રહેશે. તેઓ મૂળ રૂપે વ્યક્તિવાદી ગીતા કવિતાનાં અગ્રણી કવિ હતાં. તેમની વિશ્વ પ્રખ્યાત રચના 'મધુશાલા' જે ઉંમર ખેંયામની રૂબાઇપોથી પ્રેરિત થઇને લખાઇ હતી. જે ખૂબજ પસંદગી પામી, અને આજે પણ તેમનાં પુત્ર શ્રી અમિતાભ બચ્ચને પોતાનો અવાજ આપીને તેમને પોતાનાં પિતાને અનમોલ ભેટ આપી છે. મધુશાલા અનેક ભાષાઓમાં ભાષાંતરિત થઇ છે. પ્રખ્યાત ગાયક મન્નાડે એ પણ પોતાનો કંઠ આપ્યો. તેનાં માટે ૯૫ વર્ષની ઉંમરનાં આ જીવનમાં શ્રી હરિવંશરાય બચ્ચને પોતાની અનમોલ કૃતિઓ દ્વારા સાહિત્ય જગતને અવિસ્મરણિય ભેટ અર્પિત કરી છે. તેમની રચનાઓએ સોનામાં સુંગંધ ભેળવી છે. તેમની કવિતાએ નવી દિશા આપી છે. તેઓ આજે આપણી વચ્ચે નથી પણ આપણાં હૃદયમાં તેમનું સ્થાન હંમેશા રહેશે. આવાં અમૂલ્ય કવિને અમારા શત્ શત્ વંદન.

ડો. હરિવંશરાય બચ્ચનજીનાં કેટલાક ગીતો અને કવિતાઓ હિન્દી ફિલ્મ જગતમાં પણ અદ્વિતિય સ્થાન મેળવેલ છે.

- 'રંગબરસે' એ પ્રખ્યાત હોળી ગીત – ફિલ્મ શીલ-શીલા તેમનાં દિકરા શ્રી અમિતાભ બચ્ચને જ ફિલ્મમાં ગાયુ છે.
- પ્રખ્યાત ગાયક મન્નાડેએ તેમની 'મધુશાલા' નાં કેટલાક પદોનું ગાયન કરેલ છે.
- અગ્નિપથનાં કાવ્યોનું પઠન ૧૯૯૦માં બનેલી ફિલ્મ 'અગ્નિપથ'માં અનેક વખત કરવામાં આવેલ છે.
- એમની પ્રખ્યાત કવિતા 'કોશિશ કરનેવાલે કી હાર નહીં હોતી' નાં કેટલાક પદોનું પઠન ફિલ્મ 'મેંને ગાંધી કો નહીં મારા' માં પણ કરવામાં આવેલ છે.

શ્રી હરિવંશરાય બચ્ચનજીનાં પ્રદાનને હિન્દી સાહિત્ય જગત અને હિન્દી ફિલ્મ જગત ક્યારેય ભૂલી ન શકે. તેઓ સદાય આપણાં હૃદયમાં રહેશે.



**હર્ષા ઠક્કર**
**શિક્ષક, ભૂજ**

સંજોગો સામે બાથ ભીડનારને ખાતરી જ હોય છે કે સિદ્ધિ તેમને જ જઇ વરસે, રેતીમાં નાવ ચલાવવાની શક્તિ જ તેમને સફળતા અપાવે છે.

# હઠીલા હનીબેન

એક હતાં હનીબેન. તે પહેલા ધોરણમાં ભણતાં હતાં. ભણવામાં મધ્યમ આ હનીબેન શરીરે ખૂબ તંદૂરસ્ત અને ચંચળ સ્વભાવનાં હતાં. બીજાને અડપલા કરવા, કોઈની વસ્તુઓ લઈ લેવી અને વાતવાતમાં જૂઠુ બોલવું તે હનીબેનનો આગવો ગુણ હતો.મિત્રો, આ ગુણ ન કહેવાય, પણ અવગુણ કહેવાય. નિશાળમાંથી પણ હનીબેનની કેટલીય ફરિયાદો આવતી. વારંવાર ફરિયાદોને કારણે હનીબેનનું નામ ‘ડોન’ પડી ગયું હતું. ઘરમાં પણ હનીબેનનો ખૂબ ત્રાસ હતો. લખવા કે વાંચવા બેસવાનું નામ જ નહીં, મમ્મી- પપ્પાની વાત માનવાની નહિ, નિશાળથી આવીને બસ રમ્યા જ કરવાનું અને સાઈકલ ફેરવ્યા જ કરવાની. વારંવારં પલળવાનું પણ ખરું. હનીબેનને આ બધું ખૂબ ગમતું હતું.

હનીબેનને એક મોટી દીદી અને નાની દીદી પણ હતી. આ બંને હનીથી ખૂબ જ કંટાળી ગઈ હતી. આ બધી વાતો તો ઠીક પણ હનીબેન હઠીલાં પણ ખરાં. દરેક વાતમાં હનીબેન હઠ કરતાં અને મમ્મી-પપ્પાનો તથા નિશાળમાં શિક્ષકોનો માર પણ ખાતાં.



એક દિવસ હનીબેને ચોકલેટ ખાવાની હઠ કરી અને તેમની મમ્મીને કહ્યુ, ‘મમ્મી, મારે તો ચોકલેટ જ ખાવી છે.’ મમ્મીએ સમજાવ્યું, બેટા ચોકલેટ બહુ ન ખવાય, દાંત સડી જાય. પણ હનીબેને હઠ ના છોડી અને પાંચ રૂપિયાવાળી ચોકલેટ ખાઈને જ રહ્યાં. આમ રોજ ચોકલેટ ખાવાની હઠ હનીબેનનો શોખ બની ગઈ. રોજ એક-બે-ત્રણ અને ચાર ચાર ચોકલેટ હનીબેન હઠ કરીને ખાવા લાગ્યાં. પરિણામે બે માસના સમય ગાળામાં હનીબેનના બધા દાંત અને દાઢોમાં ખૂબ જ દુખાવો થવા લાગ્યો.

મમ્મી અને પપ્પા હનીબેનને દાંતના દવાખાને લઈ ગયાં. વધારે પડતો સડો અને દુખાવાના કારણે ડૉક્ટરે દાઢો અને દાંત પાડી નાખવા કહ્યું. આમ હનીબેનના દાંત અને દાઢો વારાફરતી પાડી નાંખવામાં આવી. આમ હનીબેન તેમની ચોકલેટ ખાવાની હઠના કારણે સાવ બોખાં થઈ ગયાં.

શું હનીબેન કાયમ બોખાં જ રહેશે? ના હોં આ તો દૂધિયા દાંત હતા. તે પડી ગયા. એ પછી કાયમી દાંત તો આવવાના. પણ હનીબેન એ પછી ચોકલેટ ખાવાની ટેવ ભૂલી જ ગયા.

**ખોડાભાઈ પટેલ (ધર્મેશ), આચાર્ય, મહેસાણા**



## જો જો પાછા હસતા નહી

### તારો સમય ખતમ થયો

યમદૂત એક વ્યક્તિને લઇ જવા માટે ધરતી પર આવ્યાં.
**યમદૂતઃ** ચાલ બેટા, તારો સમય ખતમ થયો.
**વ્યક્તિઃ**શુ તમે મારી છેલ્લી ઇચ્છા પણ પૂરી નહીં કરો??
**યમદૂતઃ** અવશ્ય બોલ માનવ તારી છેલ્લી ઇચ્છા શું છે??
**વ્યક્તિઃ** મારી ઇચ્છા છે કે ઉપર જતાં પહેલા તમે મારી સાથે પિઝ્ઝા અને કોફીનો સ્વાદ માણો.
**યમદૂતઃ** ઠીક છે.
તે વ્યક્તિએ ચોરીથી યમદૂતની કોફીમાં ઉંઘની ગોળીઓ નાખી દીધી.
કોફી પીને યમદૂત ઘસઘસાટ ઉંઘી ગયો. આ સમય દરમિયાન તે વ્યક્તિએ ફટાફટ યમદૂતનાં લીસ્ટમાં ઉપરથી તેનું નામ કાઢીને લીસ્ટમાં સૌથી છેલ્લે નાખી દીધુ. થોડીવાર બાદ યમદૂત ઉંઘમાંથી ઉઠ્યો અને જવા માટે તૈયાર થયો
**યમદૂતઃ** પુત્ર, તે મને પિઝ્ઝા ખવડાવી અને કોફી પીવડાવીને ખુશ કરી દીધો.
હવે હું મારી લીસ્ટની ઉપરની જગ્યાએ નીચેથી સ્ટાર્ટ કરીશ.. મજા કર..


### પનીર દેખાતું નથી

**ગ્રાહકઃ** વેઇટરને, આ બધુ શું છે? મટર પનીરમાં પનીર દેખાતું નથી.
**વેઇટરઃ** અરે, સાહેબ તમે ક્યારેય ગુલાબજાંબુમાં ગુલાબ જોયુ છે?

### સલાહ આપજો!

**ડોક્ટરઃ** તમારી પત્નીને મેં પહાડની સૂકી આબોહવામાં જઇ હવા ફેર કરવા જવાની સલાહ આપી છે.
**પતિઃ** હવે તમે મને દરિયા કિનારે ભેજવાળી આબોહવામાં જઇ હવા ફેર કરવાની સલાહ આપજો!

# જુના મેગેઝીનની ફોટો ફ્રેમ



**સામગ્રી**

- રંગબેરંગી ચિત્રોવાળા મેગેઝીન
- કાતર
- ગુંદર

**બનાવવાની રીતઃ**

૧. મેગેઝીનમાંથી બે ઇંચ બાય બે ઇંચના લંબચોરસ ટુકડા કાપી લો.
૨. હવે તેને ગોળ રોલ કરી લો.
૩. આ રોલ્સને ગુંદર લગાવી તેનો ખુલ્લો ભાગ ટોચ ઉંભી દિશામાં રહે તેમ આજુબાજુમાં આડી દિશામાં ગોઠવો.
૪. આમ, લંબચોરસ ફોટા ફ્રેમની આકારની ફ્રેમ બનાવી લો. પછી મનપસંદ ફોટો લગાવો.

## આંગણકા પ્રાથમિક શાળામાં થઇ કલા ઉત્સવ ૨૦૧૭ની ઉજવણી



જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર અને જિલ્લા શિક્ષણ તાલીમ ભવન ભાવનગર આયોજિત કલા ઉત્સવ ૨૦૧૭ અંતર્ગત મહુવા બાળ કાવ્ય લેખન સ્પર્ધા ધોરણ ૬ થી ૮ વિભાગમાં આંગણકા પ્રાથમિક શાળાના આચાર્ય પ્રવીણભાઈ મકવાણાના માર્ગદર્શન હેઠળ કાજલબેન રામભાઈ સૈડા દ્વિતીય ક્રમે આવી. નિબંધ સ્પર્ધામાં સ્વચ્છતા માટે હું શું કરીશ ? વિષય પર ગોહિલ ધ્રુવભાઈ મહુવા તાલુકામાં પ્રથમ આવી શાળા અને ગામને ગૌરવ અપાવ્યું હતું.

## રંગોળીથી શણગારાયું શાળાનું કેમ્પસ



રામેશ્વર સ્કૂલના વિદ્યાર્થીઓએ શાળાના કેમ્પસમાં દિવાળીની ઉજવણીમાં સુંદર રંગોળી બનાવી. શાળાના આચાર્ય ડૉ. હેમંત પંડ્યા પોતે કલાકાર હોવાથી વિદ્યાર્થીઓને આકર્ષક રંગોળી બનાવવા માટે માર્ગદર્શન આપી રહ્યા હતા.

# ચાલો દીપ પ્રગટાવીએ ત્યાં, જ્યાં પ્રકાશની જરૂર છે

સત્રાંત પરીક્ષાનું અંતિમ પેપર પુરૂ કરી બાળકોને બગીચામાં પાણી પાવા માટે કહીને ઓફિસમાં બેઠો હતો. થોડું કામ પતાવી કેટલા ઝાડને પાણી પાયુ તે જાણવા બહાર આવ્યો. બાળકો દિવાળીની વાતો કરતા હતાં. બધા બાળકોમાં રાહુલ કહેતો કે ‘મારા પપ્પા આવશે એટલે કપડાં અને ફટાકડા લાવશે’ મેં આ સાંભળ્યું ત્યારે બે વર્ષ પહેલા રાહુલના પિતા સોમતભાઇ અને ગામના કાળુભાઇને અકસ્માત થયો હતો તે ઘટના આંખ સામે ફરી વળી. સહેજ નીચુ જોઇ જમીન ખોતરવા લાગ્યો. કારણકે આજે રાહુલનાં પિતા હયાત નથી. તે સ્મરણ થઇ આવ્યું. રાહુલ અને તેની નાની બહેન માતાનાં સહારે જીવે છે. એ વાત હૈયે ચડી ગઇ. બાળકો શાળાએથી છૂટી ઘરે ગયાં. બે દિવસ પછી મારી દિકરી સંસ્કૃતિનાં કપડાં લેવા બજાર ગયાં. દુકાનનું પહેલું પગથિયું ચડ્યો ત્યાં રાહુલ યાદ આવ્યો.



કપડાંની ખરીદી કરતાં સહેજ ખચકાટ થયો. કપડાં મોંઘા હતાં. ખીસ્સામાં હાથ નાંખ્યો. જોયું તો બે હજાર રૂપિયા હતાં. સંસ્કૃતિનાં કપડાં ખરીદી લીધાં ત્યારબાદ સીધો એ.ટી.એમ. મશીને પહોંચ્યો. એક હજાર રૂપિયા ઉપાડીને દુકાને આવ્યો. દુકાનદાર બોલ્યો, સાહેબ કેમ ફરી ? મેં કહ્યું બીજા એક જોડી કપડાં નવ-દસ વરસનાં છોકરા માટે આપ. દુકાનદાર બોલ્યો સાહેબ છોકરીને લાવ્યાં તો છોકરાને કેમ ન લાવ્યાં. મેં કહ્યું, ‘છોકરો મારી નિશાળનો છે એના પિતા નથી. દિવાળીમાં નવા કપડાં અને ફટાકડા મામા લાવશે એમ કહેતો હતો’ મને થયુ કે લાવને હું લાવી આપું. દુકાનદારે હસતાં હસતાં સરસ કપડાં બતાવ્યાં. મેં કહ્યું ચારસો સુધીના જ બતાવજે. તેણે તો પાંચસોથી છસો સુધીની જોડ કપડાં બતાવ્યાં. તેમાંથી એક જોડ કપડાંનાં પાંચસો રૂપિયા આપ્યાં. દુકાનદાર પણ માયાળુ હતો. સાહેબ ચારસો રૂપિયા જ લેવાનાં છે. એમ કહી ચારસો રૂપિયા જ લીધા. ત્યારબાદ ફટાકડાની દુકાને ગયો. ફટાકડાનાં સ્ટોર્સમાં જઇને બે પેકેટ મોટા તાજ મહાલ, બે પેકેટ ફૂલઝર, બે પેકેટ સાપ ગોળી, એક પેકેટ દાડમ એમ કરી દોઢસો રૂપિયાની ખરીદી કરી. ફટાકડા માર્કેટ બહાર નીકળ્યો તો બગદાણા જવા માટેની રિક્ષા ભરાઇ ગઇ હતી. રીક્ષાવાળાને કહ્યું કે આંગણકા બસ સ્ટેશને ચામુંડા પાન સેન્ટરે કનુભાઇને આપી દેજે. કનુભાઇને મોબાઇલથી વાત કરી કે એક જોડી કપડાં અને ફટાકડા મોકલું છું. આ બધુ રાહુલને ત્યાં મોકલી દેજો. એક કલાક પછી મોબાઇલથી વાત કરી તો જાણવા મળ્યું કે રાહુલને કપડાં અને ફટાકડા પહોંચાડી દીધા છે. રાહુલને કપડાં અને ફટાકડા મળી ગયા છે. એ વાત સાંભળી ત્યારે થયુ કે હાશ! હવે દિવાળી થઇ.

વાત નાની અમથી છે. પણ દિવાળીની ઉજવણી એક દિપક અંધારામાં પ્રકટે એ વાત મારે મન મોટી છે. રાહુલની ખુશી એ જ મારી દિવાળી. સમાજમાં આવા એક નહીં પણ હજારો રાહુલ છે. આપણે તેમને ત્યાં દિવાળી ઉજવાય તેનું ધ્યાન રાખવાનું છે. ચાલો દિપ જલાયે વહા, જહાં અભી ભી અંધેરા હૈ.



**પ્રવિણ કે. મકવાણા**
**આચાર્ય, ભાવનગર**

# ચંદુની બિલાડી

ચંદુડાએ મસ્ત બિલાડી પાળી...

કાબર ચીતરી, નટખટ, મોટાં મોટાં રુચ્છાવાળી!

બિલ્લી બાઇનાં ફોટા પાડી ફેસબુકમાં રાખે!

આખો દિવસ ‘માસી - માસી’ કરતો તેડી કાંખે!

સૂટ બૂટ કોઇવાર તો કોઇ દિન પહેરાવે છે સાડી
ચંદુડાએ મસ્ત બિલાડી પાળી...

ચંદુડાએ મસ્ત બિલાડી પાળી...

ડ્રોઇંગબુકમાં દોરે બિલ્લી, લખે એનો જ નિબંધ!

બિલ્લી એની બેસ્ટ ફ્રેન્ડ છે – જાણે સૌ ભાઇબંધ!

ચંદુ સાથે મસ્તી કરતાં થાકે નહિ નખરાળી!

ચંદુડાએ મસ્ત બિલાડી પાળી...

**કિરીટ ગોસ્વામી, જામનગર**

